| GJGS090000342026 | કેસ કમીટ થઇ આવ્યા તારીખ | ૧૬/૦૬/૨૦૨૫ |
|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૨૦/૦૧/૨૦૨૬ |
| | નિર્ણય તારીખ | ૦૩/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો | **વર્ષ–માસ–દિવસ** |
| | | ૦૦–૦૫–૧૩ |

**સ્પેશ્યલ કોર્ટ (ઈલેકટ્રીસીટી) અને બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. કોડીનાર.**

**સ્પેશ્યલ ઈલેકટ્રીસીટી કેસ નં.૦૯/૨૦૨૬**
**આંક–૩૩**

| **ફરિયાદી :-** | **શ્રી સરકાર** |
|---|---|

**:: વિરુધ્ધ**

| **આરોપી** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|
| સતારભાઈ ઉર્ફે સરદારભાઈ પઠાણ | ૫૪ | મજુરી | વિરાટનગર, ધરારનગર, કોડીનાર, તા.કોડીનાર, જી. ગીર સોમનાથ. |

**ગુન્હો :– ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ – ૧૩૫ મુજબ.**

એડવોકેટસ :-

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ.

આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એચ.બી.ભેડા.

## **–: ઠ રા વ :–**

(૧) આરોપી વિરૂધ્ધ જી.યુ.વિ.એન.એલ. જુનાગઢના પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.સે.૨૪૪૪/૨૦૨૩ થી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબના ગુન્હાનું તહોમતનામું દાખલ થયેલ છે. આ ઈલેકટ્રીસીટી સ્પેશીયલ કેસમાં આરોપી મજકુર ગુનાના તહોમતનો સામનો કરી રહેલ છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટુંકી હકીકત :–**

આરોપી વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતા ગઈ તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ પોતાના ઘરની બાજુમાં આવેલ પી.જી.વી.સી.એલ.કંપનીના હળવા દબાણની વીજ લાઈનના પોલ પરથી બિન અધિકૃત રીતે પીળા રંગના આશરે ૧૫ મીટર પ્રાઈવેટર ટવિનકોર સર્વિસ વાયર વડે પોતાના ઘર સુધી લંબાવી ઘરમાં રહેલ વીજ ઉપકરણો ચલાવી ૦.૨૦૦ કિ.વો.લોડ બિનઅધિકૃત રીતે ઉપયોગ કરી ઘર વપરાશના હેતુસર વીજ વપરાશ કરતા રૂ.૪૬૧૪/૫૬ પૈસા તથા કંપાઉન્ડીંગ ચાર્જ રૂ.૧૦૦૦/– નહી ભરી ગુન્હો કરેલ હોય, જે વીજ ચોરીનું બીલ આરોપીએ ભરેલ નહી જેથી તેમને નોટીસ આપવામાં આવેલ તેમ છતા તેમણે વીજ ચોરીના બીલની રકમ ભરેલ નહી. આમ કરી આરોપીએ ધી ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવા અન્વયેની ફરિયાદના આધારે આરોપી વિરૂધ્ધ જુનાગઢ, જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન માં ગુન્હા રજીસ્ટર નંબર સેકન્ડ ૨૪૪૪/૨૦૨૩ થી ગુન્હો દાખલ થયેલ.

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે આરોપીની ધરપકડ કરેલી. આરોપીએ તેમના જામીન રજુ કરતા તેમને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે તપાસનો હુકમ, અસલ એફ.આઈ.આર., ગેટપાસ વિગેરે પુરાવાઓ એકત્ર કર્યા બાદ ચાર્જશીટ તૈયાર કરી કોડીનારના વિ.જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસની અદાલતમાં દાખલ કરવામાં આવેલ. જેને ફો.કે.નં.૧૨૪૩/૨૦૨૫ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૪) આરોપી વિરૂધ્ધના ધી ઈલેકટ્રીસીટી એક્ટ–૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબના ગુનાનો કેસ ચલાવવાની સત્તા ફક્ત સત્ર (સ્પેશીયલ) અદાલતને હોય વિધ્વાન જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસએ સદર કેસ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ હેઠળ કમીટલ હુકમથી કમીટ કરી અત્રેની અદાલત તરફ આગળની કાર્યવાહી સારૂ મોકલી આપેલો. ત્યારબાદ સદર કેસને અત્રેની અદાલત દ્વારા ઈલેકટ્રીસીટી કેસ નં.૦૯/૨૦૨૬ આપવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આરોપી હાજર થતા આરોપીને પોલીસ તપાસના કાગળો

ની નકલો મળી ગયા બાબતની ખાતરી કરી **આંક–૧૦** થી આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી, **આંક–૧૧** થી તેમની પ્લી/નિવેદન લેવામાં આવેલ છે.

## :: તહોમતનામુ ::

**આરોપી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટિડના ગ્રાહક ન હોવા છતા આરોપીએ પોતાની મકાનની નજીકમાંથી હળવા દબાણની વીજ લાઈનના પોલ ઉપરથી આશરે ૧૫ મીટર જેટલા સર્વિસ વાયરનું જોડાણ કરી વાણીજય વપરાશના હેતુ ગેરકાયદેસર રીતે વિધ્યુત પાવરનો વપરાશ કરી, રૂ.૪૬૧૪.૫૬ પૈસાની વીજ ચોરી કરતા તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ વીજ કંપનીના અધિકારી/કર્મચારીઓના ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ અને વીજ ચોરીનું પુરવણી બીલ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ વીજ કંપનીને ભરપાઈ નહી કરી, આ અદાલતની હકુમતમાં ધ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.**

ઉપર મુજબનું તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી **આંક–૧૧** થી આરોપીનો જવાબ/પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમને ગુન્હો કબુલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે તેમના પુરાવા રજુ કરવા સારૂ રાખવામાં આવેલ.

(૬) ફરિયાદપક્ષ તરફે આરોપી સામેનો આરોપી નિઃશંકપણે પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

## –: મૌખિક પુરાવાઓ :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| **૧.** | સાહેદ નં.૧ ફરિયાદી નિલેશકુમાર પંકજભાઈ વાઢેરની જુબાની | **૧૨** |
| **૨.** | સાહેદ નં.૨ પંચ સાહેદ સલમાન ઈકબાલભાઈ શેખની જુબાની | **૧૮** |
| **૩.** | સાહેદ નં.૩ પંચ સાહેદ સમીરભાઈ ઈકબાલભાઈ શેખની જુબાની | **૨૦** |

| | | |
|---|---|---|
| **૪.** | સાહેદ નં.૪ સાહેદ ચિરાગભાઈ પાચાભાઈ કોટડીયાની જુબાની | **૨૨** |
| **૫.** | સાહેદ નં.૫ સાહેદ કીરીટભાઈ ધીરૂભાઈ પાંડવની જુબાની | **૨૬** |
| **૬.** | સાહેદ નં.૬ ત.ક.અ.કાનાભાઈ ગોવિંદભાઈ સોસાની જુબાની | **૨૭** |

## –: દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| **૧.** | અસલ ફરિયાદ | **૧૩** |
| **૨.** | પુરવણી બીલની નોટીસ | **૧૪** |
| **૩.** | પુરવણી બીલ | **૧૫** |
| **૪.** | કેલ્કયુલેશન શીટ | **૧૬** |
| **૫.** | વીજ તપાસણી અહેવાલ | **૧૭** |
| **૬.** | સ્થાનિક જગ્યાનું પંચનામુ | **૧૯** |
| **૭.** | રોજકામ | **૨૩** |
| **૮.** | એનેક્ષર–૪ | **૨૪** |
| **૯.** | બે ફોટોગ્રાફસ | **૨૫** |
| **૧૦.** | તપાસનો ડેપ્યુટ હુકમ | **૨૮** |
| **૧૧.** | અસલ એફ.આઈ.આર. | **૨૯** |
| **૧૨.** | ગેટપાસ | **૩૦** |
| **૧૩.** | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ. | **૩૧** |

**(૭)** ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૩૨ થી પુરાવો બંધ કર્યાની કલોઝીંગ પુરસીસ રજુ કરેલી છે. ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમની હાજરી તથા સાંભળતાં લેવામાં આવેલાની વાત સાચી હોવાનું જણાવેલ છે. વિશેષમાં ખોટી ફરિયાદ છે તેઓ નિર્દોષ છે. તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી અને તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી તેવું જણાવેલ છે.

(૮) ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.કે.ગોહેલ તથા આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એચ.બી.ભેડાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.કે.ગોહેલ મુખ્યત્વે રજુઆત કરતા જણાવેલ છે કે, બનાવ સમયે વીજ કંપનીના જુનીયર ઈજનેરશ્રીઓ તથા અન્ય કર્મચારીઓએ આરોપીના ઘરનું વીજ ચેકીંગ કરેલ ત્યારે આરોપીએ વીજ કંપની તરફથી વીજ કનેકશન મેળવેલ ન હતુ. તેમ છતા પોતાના આર્થીક લાભ સારૂ તેમના ઘરની બાજુમાં આવેલ ઈલેકટ્રીક લાઈનના પોલ ઉપરથી સર્વીસ વાયર આશરે ૧૫ મીટર જેટલો જોડી પોતાના ઘર સુધી લંબાવી બિન અધિકૃત રીતે ઘર વપરાશ હેતુસર વીજ પાવર મેળવી **રૂા.૪૬૧૪/૫૬ પૈસા**ની વીજ ચોરી કરેલી હોવાનુ જણાતા રૂ.**૧૦૦૦ =૦૦** કમ્પાઉન્ડીંગ ચાર્જનું બીલ આપવામાં આવેલ હતુ જે બીલની રકમ આરોપીએ ભરેલ નથી. ફરિયાદપક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે પુરવાર થયેલ છે કે આરોપીએ તેમના ઘરે ગેરકાયદેસર રીતે વીજ વાયર વીજ કંપનીની હળવા દબાણની લાઈનમાં જોડી બિનઅધિકૃત રીતે વીજ વપરાશ કરી વીજચોરી કરેલ છે અને તે રીતે આરોપી સામે ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર થાય છે અને તેથી આરોપીને કસુરવાર ઠરાવવા જોઈએ. તેઓએ અંતમાં જણાવેલ છે કે વીજચોરી સામાજિક દૂષણ સમાન છે અને વીજચોરીનો ગુન્હો સામાજિક અને આર્થિક ગુન્હો રહેલો છે અને તેથી વીજચોરી કરનાર લોકોને કાયદાથી નિધારીત મહત્તમ સજા કરવી જોઈએ. જેથી આવા ગુન્હા આચરનાર અન્ય લોકોને પ્રોત્સાહન ન મળે.

(૧૦) સામા પક્ષે વિધ્વાન વકીલ શ્રી એચ.બી.ભેડાએ મુખ્યત્વે રજુઆત કરતા જણાવેલ છે કે, ફરિયાદીએ તેમની ફરિયાદ સાથે આ ચેકીંગ વાળા સ્થળની માલીકી કે કબજાના કોઈ દસ્તાવેજી આધારો રજુ કરેલા નથી તેમજ આ કામનો કહેવાતો કોઈ મુદ્દામાલ પણ ફરિયાદ સાથે પોલીસ સ્ટેશનમાં મોકલાવેલ નથી. ફરિયાદ પક્ષ ધ્વારા આખા કેસમાં આ વીજ ચોરી વાળી જગ્યા આરોપીની માલીકી કે કબજાની છે તેવું સાબીત કરવા માટે કોઈ પણ લેખિત પુરાવો રજુ કરેલ નથી. તેથી વીજ ચોરી વાળી જગ્યાની માલીકી કબજાની હકીકત સાબીત થતી નથી. ચેકીંગ

અધિકારી, ચેકીંગ ટીમના સભ્ય અને ખુદ તપાસ કરનાર અધિકારી તેમના પુરાવાઓમાં તેઓએ આ કામના ચેકીંગ વાળા સ્થળની માલીકી કે કબજાના કોઈ દસ્તાવેજો મેળવેલ ન હોવાનું સ્વીકારે છે. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ સાબિત થતો નથી. તેમજ ચેકીંગ અધિકારી તેમની જુબાનીમાં વીજ પોલ નંબર જણાવતા નથી. તેઓએ જણાવેલ છે કે, તેવી જ રીતે અન્ય સાહેદ પણ તેમના પુરાવામાં આવા કોઈ વીજ વાયરનું ચોકકસ વર્ણન જણાવતા નથી. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહીં. આ કામે ચેકીંગ અધિકારી ધ્વારા તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજોમાં આજુ બાજુના કોઈ સ્વતંત્ર સાહેદોની સહીયો રહેલી નથી અને આવું ચેકીંગ આવા સ્વતંત્ર સાહેદોની હાજરીમાં પણ કરવામાં આવેલ નથી. આ કામે પંચનામાના બંન્ને પંચ સાહેદોએ પણ તેમના પુરાવાઓથી ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સ્વતંત્ર સાહેદો ધ્વારા સમર્થન પ્રાપ્ત થતું નથી . તેઓએ તપાસમાં તથા પંચનામુ કરવામાં થયેલ વિલંબના કારણોની નોંધ તેઓએ કરેલ નથી. તેઓએ ચાર્જશીટમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નામ સાહેદ તરીકે દર્શાવેલ નથી. તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કહેવાતા સ્થળની માલીકી અંગેનો એક પણ પુરાવો રજુ થયેલ નથી કે આ કામે રેવન્યુ અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ કરનાર અધિકારી તેમની જુબાનીમાં સ્વીકારે છે કે, તેઓએ સ્થળ ઉપરથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી. આમ ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોવાથી અરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

**(૧૧) ઉપરોક્ત રજુઆતને લક્ષમાં લેતા આ સ્પેશીયલ કેસના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**મુદ્દાઓઃ**

**૧..** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડના ગ્રાહક ન હોવા છતા આરોપીએ પોતાની મકાનની નજીકમાંથી હળવા દબાણની વીજ લાઈનના પોલ ઉપરથી આશરે ૧૫ મીટર જેટલા સર્વિસ વાયરનું જોડાણ કરી વાણીજય વપરાશના હેતુ ગેરકાયદેસર

રીતે વિધુત પાવરનો વપરાશ કરી, રૂ.૪૬૧૪.૫૬ પૈસાની વીજ ચોરી કરતા તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ વીજ કંપનીના અધિકારી/કર્મચારીઓના ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ અને વીજ ચોરીનું પુરવણી બીલ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ વીજ કંપનીને ભરપાઈ નહી કરી, આમ કરી આરોપીએ ધી ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબની શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે. ?

**૨..** શું હુકમ ?

**(૧૨) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.**

**૧.. નકારમાં**

**૨.. આખરી હુકમ મુજબ**

## –: કા ર ણો :–

**(૧૩) મુદા નં.૧::**

આ મુદ્દાની ચર્ચા કરતા પહેલા ઈલેકટ્રીસીટી એક્ટ અન્વયે ઘડવામાં આવેલા નિયમો ધ્યાને લેવા જરૂરી બને છે. ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩માં વિજળી સુધારા અધિનિયમ:૧૩(૧)(૨)(૭) તા.૧૫–૬–૨૦૦૭થી કરવામાં આવેલા સુધારાથી પાવર ચોરી અથવા તો ઈલેકટ્રીસીટી ચોરીનો વ્યાપ વધારવામાં આવેલ છે. કોઈ પણ વ્યક્તિ અપ્રમાણીકતાથી મીટર સાથે ચેડા કરે, ચેડા થયેલ મીટરનો ઉપયોગ કરે અથવા તેવું મીટર નાખે, ટ્રાન્સફર્મરનો કરન્ટ ઉંધો કરે, જોડાણમાં છીદ્રો કરે અથવા કોઈ બીજા સાધનો અથવા પધ્ધતીથી યોગ્ય નોંધણી, કેલીબરેશન અથવા કોઈપણ પ્રકારે વીજ કરન્ટ મેળવવામાં કોઈ માન્ય પધ્ધતી સિવાય કાર્યવાહી કરે અથવા તેનો દુરવ્યય કરે.

**(૧૩.૧)** તેવી જ રીતે, કોઈપણ રીતે વિજ મીટરનો નાશ કરે, કે તેના કોઈ સાધનો કે વીજ વાયરનો નાશ કરે કે નુકસાન કરે અથવા નુકસાન થવા મંજુરી આપે અથવા ચેડા પામેલ મીટરનો વિજળી મેળવવા માટે ઉપયોગ કરે અથવા એવા હેતુસર વિજળીનો ઉપયોગ કરે કે જે હેતુને અધિકૃત કરવામાં આવેલ ન હોય ત્યારે આરોપીએ ઈલેકટ્રીસીટી એક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો કરેલ છે તેમ કહી શકાય. વળી બીજી વખતનો ગુનો કમ્પાઉન્ડીગને પાત્ર પણ નથી.

**(૧૩.૨)** સજાની જોગવાઈઓ જોઈએ તો ૧૦ કિલોવોટ કરતાં વધારે ન હોય ત્યારે દંડ પ્રથમ સજા પર આવી ચોરીના કારણે નાણાકીય ફાયદા કરતા ત્રણ ગણા કરતા ઓછો ન હોય અને બીજા અથવા ત્યાર પછીની સજામાં લાદવામાં આવેલ દંડ આવી વિજળી ચોરીના કારણે થયેલ નાણાકીય ફાયદા કરતા છ ગણા કરતા ઓછો ન હોય.

**(૧૩.૩)** ઈલેકટ્રીસીટી એક્ટ–૨૦૦૩ની કલમ ૧૩૫ માં પ્રથમ પ્રોવાઈજોથી આરોપી વિરૂધ્ધ અનુમાન પણ દાખલ કરવામાં આવેલ છે. જે અનુમાન પ્રમાણે કોઈ વ્યક્તિ કોઈ આર્ટીફીલ્સ મીન્સ અથવા તો આવા સાધનો સપ્લાયર અથવા બોર્ડ દ્વારા અધિકૃત્ત કરવામાં આવેલા ન હોય અને તેવા સાધનો દ્વારા વિજ પ્રવાહ મેળવતા હોય અથવા તો વિજ ઉપયોગ કરે ત્યાં સુધી, જ્યાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી એવું માની લેવું પડે કે જે તે વ્યક્તિ વિજ પ્રવાહનો અપ્રમાણિકતા થી ઉપયોગ કરતો હતો.

**(૧૩.૪)** ઉપરોક્ત કડક કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળના ગુનાની વિચારણા કરવા સમયે ચેકીંગ અંગેની જે કોઈ કાર્યવાહી, પધ્ધતી હોય તે કાર્યવાહી, પધ્ધતિને જીણવટપુર્વક ફોલો કરવી જોઈએ અને તે કાર્ય પધ્ધતીમાં કોઈપણ તબક્કે ચુક દાખવાય તો તેવી ચુકનો લાભ આરોપીની તરફેણમાં ચોક્કસ રીતે જોવા પાત્ર હોય છે.

**(૧૪)** આ તબક્કે ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ની કલમ–૧૩૫ ના પ્રોવાઈઝોની કલમ વંચાણે લેવી જરૂરી બને છે.
''કલમ–૧૩૫ આ કાયદાની જોગવાઈઓને નુકસાન થયા વિના લાઈસન્સદાર અથવા સપ્લાયરના કિસ્સા મુજબ વિજળીની આવી ચોરી પકડ્યા પર તુર્ત જ વિજળીનો પુરવઠો બંધ કરશે. ''

**(૧૪.૧)** જોગવાઈ કરવામાં આવી છે કે, લાઈસન્સદાર અથવા સપ્લાયરના માત્ર આવા અધિકારી જેમને યોગ્ય પંચ દ્વારા આ હેતુ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય અથવા કિસ્સા પ્રમાણે લાઈસન્સદાર અથવા સપ્લાયરના બીજા કોઈ અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા હોય, જેઓ આવી રીતે અધિકૃત કરવામાં

આવેલા દરજ્જા કરતા ઉંચો દરજ્જો ધરાવતા હોય તેઓ વિજળી લાઈનનો પુરવઠો બંધ કરશે.

**(૧૪.૨)** વધુમાં જોગવાઈ કરવામાં આવી છે કે, કિસ્સા પ્રમાણે સપ્લાયર અથવા લાઈસન્સદારના આવા અધિકારી લેખિતમાં આવા ગુના બાબતમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરશે, જેમને આવી હકુમત હોય અને આવો પુરવઠો બંધ કર્યાના ૨૪ કલાકમાં આવી ફરિયાદ કરવાની રહેશે.

**(૧૪.૩)** એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે, કિસ્સા મુજબ લાઈસન્સદાર અથવા સપ્લાયર આ કાયદાની જોગવાઈઓને અનુરૂપ વિજળી ખર્ચાઓ અથવા આકારેલી રકમના ચુકવણાં અથવા જમાં કર્યા પર ખંડની બીજી જોગવાઈમાં ઉલ્લેખ કરેલ ફરિયાદ દાખલ કરવાની ફરજને પુર્વગ્રહ થયા વિના આવા ચુકવણા કે જમાં કર્યાના ૨૪ કલાકમાં વિજળી લાઈનનો પુરવઠો પુનઃ ચાલુ કરશે.

**(૧૪.૪)** ઉપરોક્ત પ્રોવાઈજો વંચાણે લેતા ઈલેકટ્રીસીટી સપ્લાયર જેવા અધિકારીઓ જેમને યોગ્ય પંચ દ્વારા આ હેતુ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય અથવા જે તે કિસ્સા પ્રમાણે લાઈસન્સદાર અથવા સપ્લાયરના બીજા કોઈ અધિકારીને અધિકૃત્ત કરવામાં આવ્યા હોય, જેઓ આવી રીતે અધિકૃત્ત કરતા ઉંચો દરજ્જો ધરાવતા હોય તે વિજળી લાઈનનો પુરવઠો બંધ કરશે અથવા કરી શકશે અને તેવો પુરવઠો બંધ કર્યા બાદ જેમને હકુમત હોય તેવા પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાકમાં ફરિયાદ કરવાની રહેશે.

**(૧૫)** ઉપરોક્ત કાનુની જોગવાઈઓ ધ્યાને લીધા બાદ હાલના કેસમાં ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો સદર કામે ગુનાની ફરિયાદ નોંધાવનાર **ફરિયાદી નિલેશકુમાર પંકજભાઈ વાઢેરને સાહેદ નં.૧ તરીકે આંક-૧૨ થી** ફરિયાદપક્ષે તપાસેલા છે.

**(૧૬)** ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ નિલેશકુમાર પંકજભાઈ વાઢેર ફરિયાદી છે. લોકલ ચેકીંગ ડ્રાઈવના ભાગરૂપે પી.જી.વી.સી.એલ. સબ ડીવીઝન ઉના સીટીના જુનિયર ઈજનેર સી.પી.કોટડીયા અને ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ શ્રી કે.ડી.પાંડવ કોડીનાર સીટીના વિરાટનગર વિસ્તારમાં વીજ ચેકીંગ હાથ ધરેલું અને

તેઓએ વિરાટનગરના રહેવાસી સતારભાઈ ભીખાભાઈ પઠાણના રહેણાંક મકાને વીજ ચેકીંગ કરતા તેઓ તેઓની વીજ કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોવા છતા વીજ કંપનીની હળવા દબાણની વીજ લાઈનના પોલ ઉપરથી આશરે ૧૫ મીટરનો સર્વીસ વાયર જોડી ઘર વપરાશના હેતુ માટે પાવર ચોરી કરતા પકડાયેલા, જેથી ચેકીંગ અધિકારી દ્વારા સ્થળ ઉપર ચેકીંગશીટ, રોજકામ અને એનેક્ષર-૪ ભરેલું અને વીજ ચોરીમાં વપરાયેલ ૧૫ મીટર સર્વિસ વાયર કબ્જે કરેલ. ત્યારબાદ આ સાહેદોએ વીજ તપાસણી અહેવાલ, સ્થળ રોજકામ, એનેક્ષર-૪ તૈયાર કરેલ અને મુદ્દામાલ વાયર તેઓની કચેરીમાં જમા કરાવેલ. તેઓએ વીજ ચોરી અંગે ગણતરી કરી તૈયાર કરી કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ ફરિયાદ આપવામાં આવેલ, તેઓએ આરોપીને પુરવણી બીલની નોટીસ, પુરવણી બીલ અને કેલ્કયુલેશન શીટ આપેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ ચેકીંગવાળા સ્થળની માલીકી કબજા અંગેના કોઇ રેવન્યુ રેકર્ડ ચેકીંગ સમયે સ્થળ ઉપરથી મેળવેલા નહી. ફરિયાદી સાથે ચેકીંગવાળા સ્થળની માલીકી કબજા અંગેના કોઇ દસ્તાવેજી આધાર રજુ કરેલા નથી. તેઓની કંપનીના દરેક વીજ પોલ ઉપર નંબર લખેલા હોય છે અને તેઓના રોજકામમાં પણ પોલ નંબર દર્શાવેલ નથી. ચેકીંગવાળા સ્થળની આજુબાજુમાં બીજા રહેણાંકી મકાનો આવેલ છે અને ચેકીંગશીટ, રોજકામ અને એનેક્ષર-૪ માં કોઈ સ્વતંત્ર સાહેદોની સહીઓ લેવામાં આવેલ નથી.

(૧૭) સદર કામે આંક-૧૯ વાળા સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ નં.૨ સલમાન ઈકબાલભાઈ શેખને આંક-૧૮ થી અને પંચ સાહેદ નં.૩ સમીરભાઈ ઈકબાલભાઈ શેખને આંક-૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમનાના પુરાવાઓથી આ પંચનામાની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી. આ બંન્ને પંચ સાહેદોના પુરાવાઓથી આ પંચનામાના કથનો પુરવાર થતા નથી. આ પંચનામાના આ બંન્ને પંચ સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓએ તૈયાર લખાણમાં તેમની સહીઓ કરેલી અને તે લખાણ તેઓએ વાંચેલ નહી. કઈ બાબતનું લખાણ હતુ તેની તેઓને ખબર નથી.

(૧૮) ફરિયાદપક્ષ તરફે **આંક-૨૨ થી સાહેદ નં.૪ ચિરાગભાઈ પાચાભાઈ**

**કોટડીયાને** અને **આંક–૨૬ થી સાહેદ નં.૫ કીરીટભાઈ ધીરૂભાઈ પાંડવને** સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ જણાવેલ કે, ગઈ તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ પી.જી.વી.સી.એલ. કચેરી ઉના સીટીમાં ફરજ બજાવતા હતા તે દિવસે તેઓની વડી કચેરીની સુચનાથી તેઓ તથા તેઓની કચેરીના કોડીનાર સબ ડીવીઝનના વિરાટનગર વિસ્તારમાં વીજ ચેકીંગની કામગીરી કરતા હતા. જયા સતારભાઈ ભીખાભાઈ પઠાણ તેમનાં રહેણાંક મકાનમાં બાજુમાં આવેલ તેઓની ઈલેકટ્રીક લાઈનના પોલ ઉપરથી ડાયરેકટ પીળા કલરનો આશરે ૧૫ મીટરનો વાયર જોડી વીજચોરી કરતા માલુમ પડેલ. આ સતારભાઈ પઠાણ તેઓની પી.જી.વી.સી.એલ. કંપનીના ગ્રાહક ન હતા અને તેઓ સ્થળ પર ૨૦૦ વોલ્ટનો વીજ વપરાશ કરતા માલુમ પડેલ. જેઓ સ્થળ પર હાજર હતા. તેઓએ સ્થળ ઉપર ફોટોગ્રાફી કરેલી અને આધારકાર્ડની નકલ મેળવેલી. સ્થળ ઉપર ચેકીંગશીટ તથા રોજકામ તૈયાર કરેલ. જેમાં તેઓએ સહીઓ કરવાની ના પાડેલી. તેઓની સુચનાથી ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ પાંડવે વીજપોલ ઉપરથી આશરે ૧૫ મીટર વાયર ઉતારી કબ્જે લીધેલ. તેઓને આંક–૧૭ નું ચેકીંગશીટ તથા નિ.૬/૭ નું રોજકામ બતાવવામાં આવે છે. જે તેઓના હસ્તાક્ષરમાં છે તેમજ તેમાં તેઓની તથા કીરીટભાઈ પાંડવની સહીઓ છે જે આંક–૨૩ થી રજુ છે. સ્થળ ઉપરથી કબ્જે લીધેલ વાયર તેઓએ કોડીનાર સ્થાનિક પી.જી.વી.સી.એલ. કચેરીમાં ચેકીંગશીટ તથા રોજકામ સાથે જમા કરાવેલો. તેઓને નિ.૫/૮ નું એનેક્ષર–૪ બતાવવામાં આવે છે જે તેઓએ મુદ્દામાલ વાયર તથા દસ્તાવેજો જમા કરાવેલ તે જ છે. તે તેઓના હસ્તાક્ષરમાં તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૨૪. પોલીસે તેઓની પુછપરછ કરી તેઓનો જવાબ લીધેલો. સ્થળ ઉપર તેઓએ મોબાઈલથી ફોટોગ્રાફી કરેલી. જે ફોટોગ્રાફ સ્થાનિક પી.જી.વી.સી.એલ. કચેરીમાં જમા કરાવેલા. તેઓને નિ.૫/૧૧ થી રજુ થયેલ બે ફોટોગ્રાફસ બતાવવામાં આવે છે. જે ફોટોગ્રાફસની ખરી નકલ છે. જેમાં જે ફોટોગ્રાફસમાં આરોપી સતારભાઈ ભીખાભાઈ નાના બાળક સાથે બેઠેલા જોવા મળે છે. તેમજ બીજા ફોટોગ્રાફસમાં તેનુ રહેણાંક મકાન છે. જે ઘરમાં તેઓના વીજપોલ ઉપરથી ડાયરેકટ વાયર જોડી પાવરચોરી કરતા માલુમ પડે છે જે આંક–૨૫ થી રજુ છે. પરંતુ તેઓએ ઉલટ તપાસમાં એ હકિકત જણાવેલ કે, આ કહેવાતા મકાનનું તેઓએ કોઈ લેખિત

દસ્તાવેજ મેળવેલ નથી. વીજપોલના નંબર કેસ પેપર્સમાં લખેલા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે અવાચ્ય હતા જેથી જણાવેલા નથી. સ્થળ રોજકામ, એનેક્ષર–૪ અને ચેકીંગશીટમાં સ્વતંત્ર સાહેદોની સહી નથી. કહેવાતો મુદ્દામાલ વાયર બજારમાં સહેલાયથી મળી શકે. આ ફોટોગ્રાફસમાં તારીખ અને સમય દર્શાવેલ નથી.

(૧૯) ફરિયાદપક્ષ તરફે આ ગુનાના તપાસ કરનાર અમલદાર કાનાભાઈ ગોવિંદભાઈ સોસાને સાહેદ નં.૬ તરીકે આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. તા.૨૯ / ૧૨ / ૨૦૨૩ ના રોજ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જુનાગઢ ખાતે ગુ.ર.નં.૨૪૪૪/૨૦૨૩ થી ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલો અને તેની તપાસ પી.એસ.ઓ.શ્રી કે.એ.ડાંગર દ્વારા તેઓને સોંપવામા આવેલ, તેઓને નિશાની ૫/૮ થી તપાસનો ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે. તે જોઈને કહે છે કે તે તેઓને મળેલ તે જ છે. જેમાં પી.એસ.ઓ. કે.એ.ડાંગરની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૨૮ થી રજુ છે. તેઓને કોર્ટ ફાઈલમાંથી અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.ઓ. શ્રી કે.એ.ડાંગરની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૨૯ થી રજુ છે. તેઓને નિશાની ૫/૧૦ વાળો ગેટપાસ બતાવવામાં આવે છે. જેમાં ચેકીંગ અધિકારીઓની સહીઓ છે અને તેઓને તપાસના કામે મળેલ તે જ છે. જે આંક–૩૦ થી રજુ છે. તેઓને નિશાની ૫/૧૨ વાળા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે તેઓએ બનાવ સમયે મેળવેલ તે જ છે જે આંક–૩૧ થી રજુ છે. તેઓએ તપાસ સંભાળ્યા બાદ કાગળોનો અભ્યાસ કરેલો અને ત્યારબાદ તેઓએ આ કામે બે પંચોને સાથે રાખી કોડીનારના વિરાટનગરના આરોપીના રહેણાંક મકાને બનાવવાની જગ્યાનું પંચનામું કરેલુ. જે પંચનામાની ખરી નકલ આ કામે તેઓએ રજુ કરેલ છે. તેઓને આંક–૧૮ થી રજુ પંચનામું બતાવવામાં આવે છે. તે જોઇને કહે છે કે તેમા તેઓની તથા તેઓના રુબરુ બંન્ને પંચોની સહીઓ છે. જે તેઓ ઓળખી બતાવે છે. પંચનામા સમયે સ્થળેથી તેઓએ કોઈ ચીજવસ્તુ કબ્જે કરેલ નહી. પંચનામા સમયે આજુબાજુ વાળાના નિવેદનો નોંધેલા. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. ત્યારબાદ આ કામનો મુદ્દામાલ

પી.જી.વી.સી.એલ. સબ ડીવીઝન–૧, કોડીનાર ખાતે જમા હોય તે અંગેની મુદ્દામાલ પાવતી તૈયાર કરી અને આ કામે સામેલ રાખેલી. તેઓની તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું અને ચાર્જશીટ સાથે આરોપીને કોર્ટમાં રજુ કરેલા. તેઓએ ચાર્જશીટ સાથે આરોપી પાસેથી મેળવેલ આરોપીના આધારકાર્ડની નકલ સામેલ રાખેલી. આરોપી સામે અગાઉ ગુન્હા નોંધાયેલ હોય તેની એફ.આઈ.આર. ની નકલો આ કામે સામેલ રાખેલી. પરંતુ તેમની બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસ ધ્યાને લેતા, ગુન્હો તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ બનેલો છે અને તેઓએ સાહેદોના નિવેદનો તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ લીધેલ છે. જયારે બનાવવાળી જગ્યાનું પંચનામુ ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ કરેલ છે. આમ તપાસમાં તથા પંચનામુ કરવામાં વિલંબના કારણોની કોઈ નોંધ સદર સાહેદ ધ્વારા કરવામાં આવેલ નથી. પંચનામામા બનાવના સ્થળે કોઈ વીજ ઉપકરણોના પોઈન્ટ કે વીજ ઉપકરણો જણાયેલ નહી કે કોઈ ઉપકરણો કબજે કરેલ નહી. બનાવવાળી જગ્યાની આસપાસ બીજા રહેણાંક મકાનો આવેલ છે અને આજુબાજુના લોકોએ બનાવને સમર્થન આપેલ નથી. ફરિયાદીએ તેમની ફરિયાદમાં કેવો અને કયા કલરનો વાયર હતો તે દર્શાવેલ નથી. ચેકીંગવાળા સ્થળની માલીકી કે કબજા ભોગવટાના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ તેઓએ તપાસના કામે મેળવેલ નથી. આરોપીની માલીકી દર્શક રેવન્યુ દસ્તાવેજો તેઓએ તપાસ દરમિયાન મેળવેલ નથી. ચાર્જશીટના કોલમમાં કોઈ સ્વતંત્ર સાહેદના નામ સાહેદ તરીકે દર્શાવેલ નથી. આ કામે કોઈ મુદામાલ કબજે કરેલ નથી.

(૨૦) **ના.**વડી અદાલતે આવા કેસોમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, **2025 (0) AIJEL–HC 251592 Banabhai Ramsangbhai Revar Versus State Of Gujarat**

*(a) Electricity Act, 2003 - S. 135 - theft of electricity* - challenge to conviction and sentence under S. 135 of the Electricity Act, 2003 - appellant convicted for illegal use of electricity based on testimonies and documentary evidence presented during trial - Held, prosecution failed to establish reliable proof regarding commission of offence as required under S. 135 - discrepancies in evidence and

lack of corroboration rendered conviction unsustainable - appeal allowed, judgment set aside, and appellant acquitted of all charges. (Paras 1, 10, 11)

*(b) Electricity Act, 2003 - S. 135 - burden of proof* - improper burden placed on accused during trial proceedings - trial court's reliance on presumption rather than concrete evidence led to erroneous conviction - Held, burden to prove illegal use or tampering with electricity lies with prosecution; failure to provide sufficient evidence shifts burden back to prosecution - trial court's conclusion was flawed due to lack of supporting material and proper procedure during inspection. (Paras 9, 10)

*(c) Electricity Act, 2003 - S. 135(1) - procedural requirements* - failure to adhere to procedural mandates in conducting inspections and filing complaints under S. 135(1) - Held, mandatory provisions regarding timely complaint registration and proper documentation were not followed; absence of necessary seizure lists or corroborative documents undermined the prosecution's case significantly. (Paras 8)

*(d) Evidence Act, 1872 - corroboration requirement* - lack of corroborative evidence between witness testimonies and documentary records presented at trial - Held, inconsistencies between witness statements and documentary evidence rendered the prosecution's case weak; absence of corroborative proof necessitated acquittal as reasonable doubt existed regarding guilt. (Paras 4, 6)

**(૨૧)** હવે, બનાવ વખતે આરોપી પોતાના આર્થીક લાભ સારૂ બીન અધિકૃત રીતે વીજ વપરાશ કરતા ચેકીંગ દરમિયાન તપાસમાં મળી આવેલા તે હકીકત અંગે તપાસ કરનાર અમલદારનો વધુ પુરાવો જોઈએ તો તેમાં ઘણી ક્ષતીઓ જોવા મળેલ છે. તે જોવામાં તે જોવામાં આવે તો (૧) તપાસમાં તથા પંચનામુ કરવામાં થયેલ વિલંબના કારણોની કોઈ નોંધ તેઓએ કરેલ નથી. (૨) ફરિયાદ સાથે કોઈ ચેકીંગવાળા સ્થળની માલકી કે કબજા ભોગવટાના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ તેઓને તપાસના કામે મળેલ નહી કે તેઓએ મેળવેલ નથી. (૩) તેઓએ રજુ કરેલા ચાર્જશીટના કોલમમાં કોઈ સ્વતંત્ર સાહેદના નામ

સાહેદ તરીકે દર્શાવેલ નથી. (૪) તેઓએ આ કામે કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી. આ પ્રકારની ક્ષતીઓ બાબતે સાહેદે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો કે કાયદાકીય અનુમાન આરોપી સામેના કેસમાં કોઈપણ રીતે ફરિયાદપક્ષને મદદરૂપ બનતુ હોવાનુ કહી શકાય નહી.

**(૨૨)** વીજ ચોરીના ગુનાવાળું ઘર આરોપીની માલીકીનુ હતુ તે દર્શાવવા ફરિયાદપક્ષ તરફથી કોઇ દસ્તાવેજી આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ તેઓએ મેળવેલ નથી. આમ બનાવ સમયે બનાવવાળી જગ્યા આરોપીની માલીકી કબજા ભોગવટા ની હતી કે કેમ તે અંગે કોઇ સ્પષ્ટ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી કે સાહેદોને તપાસવામાં આવેલ નથી. ફરિયાદપક્ષ તરફથી તેમણે ચેકીંગ કરેલ મકાન આરોપીના નામનું હતું તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. કોઈ ટાઈટલ દસ્તાવેજો ફરિયાદપક્ષે પુરાવામાં મેળવેલ હોય કે તેવા દસ્તાવેજો તપાસ કરનાર અધિકારીને સોંપેલ હોય તેવું સાબિત થતુ નથી. વળી સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા કોઈ સ્વતંત્ર સાહેદ રેઈડની કામગીરીમાં સામેલ નથી. વીજ ચેકીંગની કાર્યવાહીની વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવી આજ્ઞાત્મક છે પણ તેવી કોઈ ફોટોગ્રાફી રજુ થયેલ નથી. જે ખરેખર વીજ ચેકીંગ ઉપર શંકા દર્શાવે છે.

**(૨૩)** ઉપરોક્ત તમામ હકીકત લક્ષમાં લેતા ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા હોય મુદ્દા નં.૧ નો જવાબ "**નકાર**"માં આપવામાં આવે છે જ્યારે મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: હુ ક મ :-**

**:૧:** આરોપી સતારભાઈ ઉર્ફે સરદારભાઈ પઠાણ, રહે.વિરાટનગર, ધરારનગર, કોડીનારનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ (૧) અન્વયે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબની શીક્ષાને પાત્ર ગુન્હામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**:૨:** આરોપીના જામીનખત રદ્દ કરવા.

**:3:** આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબ આ ચુકાદા

વિરૂધ્ધ કોઈ અપીલ, રીવીજન કે અન્ય પ્રોસીડીંગ અથવા તો તેમાં હાજર રહેવા માટે રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત મુચરકા અને તેટલીજ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી આ સેશન્સ કેસ દરમિયાન આરોપીના લેવાયેલા જામીન રદ થયેલા ગણાશે.

**:૪:** આરોપીના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબ લેવાયેલા આ જામીનની સમય મર્યાદા ૬ માસ સુધીની રહેશે.

**:૫:** મુદ્દામાલ જો કોઇ હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૩ જી, માહે : જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬.
સ્થળઃ કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ,
કોડીનાર.
**[કોડ નંબર-જી.જે.૦૦૭૧૦]**